# અબ્દુલ કલામને દેશની શ્રદ્ધાંજલિ






નવી દિલ્હી,તા. ૨૮

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને ભારતરત્ન તેમજ મિસાઈલ મેન તરીકે જાણીતા અબ્દુલ કલામના અંતિમ સફરની શરૂઆત થઈ ચુકી છે. આજે તેમના પાર્થિવ દેહને શિલોંગથી નવી દિલ્હી લાવવામાં આવ્યો હતો. ત્યારબાદ તેમના અંતિમ દર્શન માટે તેમના પાર્થિવ દેહને રાજાજી માર્ગ ખાતે મુકવામાં આવ્યો હતો. દેશે અબ્દુલ કલામને શ્રદ્ધાંજલિ આપી હતી. સચિન તેંડુલકરે પણ શ્રદ્ધાંજલિ આપનાર લોકોમાં સૌથી પહેલા પહોંચીને અંજલિ આપી હતી. વડાપ્રધાન મોદીએ પૂર્વ રાષ્ટ્રપતિ કલામને શ્રદ્ધાંજલિ આપીને સહાનુભૂતિ પુસ્તકમાં લખ્યું પણ હતું. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ પણ રાજાજી માર્ગ ખાતે કલામને શ્રદ્ધાંજલિ આપી હતી. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પણ શ્રદ્ધાંજલિ આપવા પહોંચ્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ, ભાજપના વરિષ્ઠ નેતા એલકે અડવાણી, પણ પહોંચ્યા હતા. કોંગ્રેસના નેતા સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ પણ શ્રદ્ધાંજલિ આપી હતી. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવ દિલ્હી પહોંચ્યા હતા. અગાઉ કલામનો મૃતદેહ શિલોંગથી લાવવામાં આવ્યો હતો. પાલમ વિમાની મથકે ત્રણેય સેનાએ ગાર્ડ ઓફ ઓનર પણ આપ્યું હતું. વડાપ્રધાન મોદીએ કલામને રાષ્ટ્ર રત્ન તરીકે ગણાવ્યા હતા. દરમિયાન બન્ને ગૃહો દ્વારા કલામને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. લોકસભાની કાર્યવાહીને બે દિવસ માટે અને રાજ્યસભાની કાર્યવાહીને એક દિવસ માટે મોકુફ કરી દેવામાં આવી છે. તેમના અવસાનથી દેશમાં આઘાતનુ મોજુ ફરી વળ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભારતના ૧૧મા રાષ્ટ્રપતિ ભારતરત્ન અબ્દુલ કલામનું ગઈકાલે અવસાન થઈ ગયું હતું. આ અગાઉ તેમની તબિયત અચાનક ખરાબ થઈ ગઈ હતી જેથી તેમને હોસ્પિટલ ખસેડાયા હતા. ૮૪ વર્ષીય કલામ આઈઆઈએમ શિલોંગમાં એક કાર્યક્રમમાં એકાએક બિમાર થઈ ગયા હતા. તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. પૂર્વ રાષ્ટ્રપતિ ગઈકાલે સાંજે ૬.૩૦ વાગ્યે આઈઆઈએમ શિલોંગમાં એક કાર્યક્રમ દરમિયાન પડી ગયા હતા. ત્યારબાદ તેમને તરત જ હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યા તેમને બચાવી લેવાના તમામ પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા. ગઈકાલે અબ્દુલકલામ લિવેબલ પ્લાનેટ અર્થ ઉપર એક કાર્યક્રમમાં હાજરી આપવા માટે શિલોગ પહોંચ્યા હતા. કાર્યક્રમ દરમિયાન તેઓ પડી ગયા હતા. ત્યારબાદ તેમની તબિયત ખૂબ જ ખરાબ થઈ ગઈ હતી. કલામ ૨૫મી જુલાઈ ૨૦૦૨થી ૨૫મી જુલાઈ ૨૦૦૭ દરમિયાન ભારતના રાષ્ટ્રપતિ તરીકે રહ્યા હતા. ૧૫મી ઓક્ટોબર ૧૯૩૧ના દિવસે રામેશ્વરમમાં અબ્દુલ કલામનો જન્મ થયો હતો. પ્રોફેશનથી તેઓ પ્રોફેસર, લેખક અને એરોસ્પેશના વૈજ્ઞાનિક તરીકે રહ્યા હતા. પરમાણુ કાર્યક્રમના પિતા તરીકે તેમને ગણવામાં આવે છે. અબ્દુલકલામે ભૌતિક વિજ્ઞાન અને એરોસ્પેસમાં એન્જિનિયરિંગમાં અભ્યાસ કર્યો હતો. તેઓ ચાર દશક સુધી વૈજ્ઞાનિક અને સાયન્સ એડમિનિસ્ટ્રેટર તરીકે રહ્યા હતા. ડિફેન્સ રિસર્ચ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશનમાં પણ તેઓ રહ્યા હતા. ઈસરો સાથે પણ તેઓ જોડાયેલા રહ્યા હતા. તેઓ ભારતના નાગરીક અંતરીક્ષ કાર્યક્રમમાં પણ રહ્યા હતા. મિસાઈલ મેન ઓફ ઈન્ડિયા તરીકે પણ તેમની નોંધ લેવામાં આવી હતી. બેલાસ્ટીક મિસાઈલના વિકાસમાં તેમની ઉલ્લેખનીય ભૂમિકા રહી હતી. તેઓએ પોખરણ-૨ પરમાણુ ટેસ્ટમાં અતિમહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ૨૦૦૨માં કલામ ભારતના રાષ્ટ્રપતિ બન્યા હતા. ભાજપ અને કોંગ્રેસ બન્નેનો તેમને ટેકો મળ્યો હતો અને પાંચ વર્ષ સુધી સેવા કર્યા બાદ તેઓ શૈક્ષણિક, લેખનમાં પરત ફર્યા હતા. તેમને અનેક પ્રતિષ્ઠાજનક એવોર્ડ મળી ચુક્યા છે જેમાં ભારતના સર્વોચ્ચ નાગરીક સન્માન ભારત રત્નનો પણ સમાવેશ થાય છે. તમિલ મુસ્લિમ પરિવારમાં તેમનો જન્મ થયો હતો. સાત દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરી દેવામાં આવી છે.

## કલામની ૩૦મીએ રામેશ્વરમ ખાતે અંતિમસંસ્કાર વિધિ થશે

નવીદિલ્હી,તા. ૨૮

સ્વર્ગસ્થ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામના અંતિમ સંસ્કાર ૩૦મી જુલાઈના દિવસે કરવામાં આવશે. અગાઉ એવા અહેવાલ આવી રહ્યા હતા કે, કલામના અંતિમ સંસ્કાર મોડેથી સ્પષ્ટતા કરવામાં આવી ૩૦મીના દિવસે કરવામાં આવશે. નિર્ણય કરાયો હતો કે, તેમના રામેશ્વરમમાં કરવામાં આવશે. શ્રદ્ધાંજલિનો દોર રહ્યો હતો. રામેશ્વરમ ખાતે સવારે ૧૧ વાગે થશે. અગાઉ રિપોર્ટમાં દાવો સંસ્કાર ૨૯મીએ કરવામાં આવશે મુજબ ૩૦મીએ અંતિમ



આવતીકાલે કરવામાં આવશે પરંતુ હતી કે, તેમના અંતિમ સંસ્કાર કેન્દ્રિય કેબિનેટની બેઠકમાં પણ અંતિમ સંસ્કાર તેમના વતન આજે દિવસ દરમિયાન સંપૂર્ણ સન્માન સાથે તમિળનાડુમાં ૩૦મીએ તેમના અંતિમ સંસ્કાર કરાયો હતો કે, તેમના અંતિમ પરંતુ મોડેથી પરિવારની ઈચ્છા સંસ્કારનો નિર્ણય કરાયો છે. કલામના પરિવારના સભ્યોની ઈચ્છા મુજબ હવે અંતિમ સંસ્કાર ૩૦મીએ કરવામાં આળનાર છે. કલામના ભાઈના પુત્ર સલીમે કહ્યું છે કે, અંતિમ સંસ્કાર ૩૦મીએ થશે. સંરક્ષણ મંત્રાલય દ્વારા પણ આને સમર્થન અપાયું છે.

**બ્લાસ્ટના એક દિવસ બાદ વ્યાપક દરોડા પડાયા**

## પંજાબ સહિત દેશના મોટા શહેરોમાં ઉંડી તપાસ જારી

નવી દિલ્હી,તા. ૨૮

પંજાબના ગુરદાસપુર જિલ્લામાં ગઈકાલે ભીષણ ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યાના એક દિવસ બાદ આજે પણ તમામ જગ્યાએ ઉંડી તપાસનો દોરજારી રહ્યો હતો. કેટલીક સંવેદનશીલ જગ્યા દરોડા પણ પાડવામાં આવ્યા હતા. શકમંદ લોકોની હિલચાલ પણ નજર રાખવામાં આવી રહી છે. આજે માત્ર પંજાબમાં જ નહી બલ્કે દેશના અન્ય ભાગોમાં પણ તપાસ જારી રહી હતી. તમામ મોટા સ્થળ જ્યાં મોટી સંખ્યામાં લોક ભેગા થાય છે ત્યાં સઘન સુરક્ષા રાખવામાં આવી હતી. દેશના મોટા શહેરોમાં ટ્રેનો, બસ સ્ટેન્ડ , મોટા મોલ અને અન્યત્ર સુરક્ષા વધારી દેવામાં આવી છે. જવાનો પણ તેનાત કરવામાં આવી ચુક્યા છે. અત્રે નોંધનીય છે કે ગઈકાલે ગુરદાસપુરમાં ભીષણ આતંકવાદી હુમલો કરવામાં આવ્યા બાદ ૧૨ કલાકથી વધુ સમય સુધી દિલધડક ઓપરેશન ચાલ્યા બાદ ત્રણેય ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. આની સાથે જ ત્રાસવાદીઓ સામે શરૂ કરવામાં આવેલા સુરક્ષા ઓપરેશનનો અંત આવ્યો હતો. તમામ ત્રણેય ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવાયા હતા. આ ત્રાસવાદી હુમલામાં કુલ ૧૧ લોકોના મોત થયા હતા. જેમાં ૫ પોલીસ જવાનો, ૩ નાગરીકોનો સમાવેશ થાય છે. જ્યારે ત્રણેય ત્રાસવાદીઓને પણ મોતને ઘાટ ઉતારી દેવાયા હતા. પંજાબ સરકારે ઓપરેશન પૂર્ણ થયા હોવાની વિધિવત જાહેરાત કરી હતી. પંજાબના ડીજીપી દ્વારા આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી.ગઈકાલે ત્રાસવાદીઓ આજે સવારે પંજાબના ગુરદાસપુર જિલ્લાના દિનાનગરમાં ઘુસી ગયા હતા. આ હુમલામાં એસપી સહિત પાંચ પોલીસ જવાનો શહિદ થયા હતા. ત્રણ નાગરીકો પણ માર્યા ગયા હતા. પંજાબમાં આશરે બે દશકમાં આ સૌથી મોટો આતંકવાદી હુમલો હતો.

મળેલી માહિતી મુજબ આતંકવાદીઓ રોડના કિનારે એક ધાબાના માલિકની હત્યા કરીને તેની કારમાં દિનાપુરમાં બસ સ્ટેન્ડ પર પહોંચ્યા હતા જ્યાં જમ્મુ જતી બસ ઉપર અંધાધુંધ ગોળીબાર કર્યો હતો. ત્યારબાદ પોલીસચોકી તરફ આગળ વધ્યા હતા. ત્રાસવાદીઓ સવારે ૫.૩૦ વાગ્યાની આસપાસ ઘુસી ગયા હતા. જ્યાંથી તેઓએ સતત ગોળીબારનો દોર શરૂ કર્યો હતો. સુરક્ષા જવાનો અને કમાન્ડોએ તરત જ મોરચા સંભાળી લીધા હતા.

## ચૂંટણી પૂર્વે જ બિહારને એક લાખ કરોડનુ પેકેજ અપાશે

નવી દિલ્હી,તા. ૨૮

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર થયા બાદ હવે ભાજપે બિહાર વિધાનસભાની ચૂંટણી પર તમામ ધ્યાન કેન્દ્રિત કરી દીધુ છે. બિહારમાં સત્તા કબજે કરવા માટે ભાજપે આકર્ષક નિતી તૈયાર કરી લીધી છે. જેના ભાગરૂપે બિહાર માટે જંગી પેકેજની જાહેરાત કરવામાં આવી શકે છે. પ્રાપ્ત અહેવાલ મુજબ સંસદના મોનસુન સત્રની પૂર્ણાહુતિ બાદ પેકેજની જાહેરાત કરવામાં આવી શકે છે. હાલમાં પેકેજને લઈને ચર્ચા ચાલી રહી છે. પેકેજને આખરી ઓપ આપવાની કવાયત પણ ચાલી રહી છે. આ પ્રયાસના ભાગરૂપે કેન્દ્રમાં મોદી સરકારે બિહારને એક લાખ કરોડના પેકેજ આપવાની તૈયારી કરી લીધી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાલમાં બિહારમાં તેમની પ્રથમ રેલી દરમિયાન પણ કહ્યું હતું કે બિહારને ૫૦૦૦૦ કરોડ કરતા મોટા પેકેજની જાહેરાત કરવામાં આવનાર છે. મોદી મોનસુન સત્ર બાદ બીજા વખત બિહાર પહોંચનાર છે. બિહારમાં ટુંક સમયમાં વિધાનસભાની ચૂંટણી પણ યોજાનાર છે. સુત્રોએ કહ્યું છે કે આ મામલે નાણાં પ્રધાન અરૂણ જેટલી અને કેટલાક પ્રધાનો વચ્ચે વાતચીત થઈ ચુકી છે. જેટલીએ કેન્દ્રમાં રહેલા બિહારના પ્રધાનો સાથે પણ વાતચીત કરી લીધી છે. કેન્દ્રનુ મુખ્ય ધ્યાન ગ્રામીણ વિસ્તારોમાં માર્ગો અને હાઈવે પ્રોજેક્ટો પર રહેશે.બિહારનુ આ પેકેજ એવા સમય પર મળનાર છે જ્યારે રાજ્યના મુખ્યપ્રધાન નિતિશ કુમાર, આરજેડીના નેતા લાલુ પ્રસાદ યાદવ અને સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ જનતા પાર્ટીને ફરી સજીવન કરવાના પ્રયાસોમાં લાગેલા છે. દેશમાં છ મોટા પક્ષો ભેંગા થઈને એકપાર્ટીની રચના કરવામાં આવી ચુકી છ. જનતા પરિવાર એક સાથે મળીનો મોદી સરકાર સામે બિહારમાં ચૂંટણી મેદાનમાં ઉતરનાર છે. બિહારમાં ચૂંટણી તમામ કરતા અલગ રહી શકે છે.

## યાકૂબને ફાંસી મુદ્દે બે જજની બેંચમાં પણ હવે વિરોધાભાષ

નવીદિલ્હી,તા. ૨૮

વર્ષ ૧૯૯૩ના મુંબઈ સિરિયલ બ્લાસ્ટ કેસમાં મૃત્યુદંડની સજાનો સામનો કરી રહેલા એકમાત્ર અપરાધી યાકૂબ અબ્દુલ રઝાક મેમણ દ્વારા ૩૦મી જુલાઈના દિવસે તેને આપવામાં આવનાર ફાંસી ઉપર સ્ટે મુકવાની માંગ કરીને કરવામાં આવેલી અરજી પર સુનાવણી વેળા સુપ્રીમ કોર્ટની બે જજની બેંચે આ મામલાને હવે ચીફ જસ્ટિસને સોંપી દીધો છે. સુપ્રીમ કોર્ટના જજ અનિલ આર દવેએ મેમણની અરજીને ફગાવી દીધી હતી. જ્યારે જસ્ટિસ કુરિયન જોસેફે ૩૦મી જુલાઈના દિવસે મેમણને ફાંસી માટે જારી કરવામાં આવેલા ડેથ વોરંટ ઉપર મનાઈ હુકમ મુક્યો હતો. સુપ્રીમ કોર્ટની બેચના જજમાં જુદા જુદા મત દેખાતા આ મામલો હવે ચીફ જસ્ટિસને સોંપી દેવામાં આવ્યો છે. એટર્ની જનરલ મુકુલ રોહતાગી અને અન્ય વકીલો મેમણ તરફથી ઉપસ્થિત રહ્યા હતા અને કહ્યું હતું કે બે જજ મૃત્યુદંડની સજાના વોરંટ ઉપર સ્ટે મુકવાને લઈને વિરોધાભાષી મત ધરાવે છે જેથી એક જજ સ્ટે મુકે અને બીજા ઈન્કાર કરે તો કોઈ નિર્ણય થઈ શકતો નથી. આજ કારણસર ચીફ જસ્ટિસને આ મામલો સોંપી દેવામાં આવ્યો છે. બેંચે ચીફ જસ્ટિસને યોગ્ય બેંચની રચના કરી આ મામલાને આવતીકાલે હાથ ધરવા માટે કહ્યું છે. જસ્ટિસ દવેએ મેમણ દ્વારા દાખલ કરાયેલી અરજીને ફગાવી દીધી અને કહ્યું હતું કે, કોઈપણ દયાની અરજીનો નિકાલ લાવવા મહારાષ્ટ્રના રાજ્યપાલની જવાબદારી બને છે. ડેથ વોરંટના અમલીકરણ પહેલા આ અરજીનો નિકાલ લાવવાની જરૂર છે. જ્યારે જસ્ટિસ કુરિયને જસ્ટિસ દવેના અભિપ્રાય સાથે સહમતિ દર્શાવી ન હતી અને તેમના અલગ મત આપ્યા હતા જેથી કાયદાકીય નિષ્ણાતોમાં પણ આને લઈને ચર્ચા રહી છે. હાલમાં યાકૂબને ફાંસી નહીં આપવાને લઈને અવાજ બુલંદ બની રહ્યો છે જો કે, તેની અરજીઓ ફગાવાઈ છે.

## સેંસેક્સ ૧૦૨ પોઇન્ટ ઘટીને ૨૭૪૫૯ની નીચી સપાટીએ

મુંબઈ,તા. ૨૮

શેરબજારમાં આજે સતત ચોથા દિવસે મંદીનું મોજુ રહ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ ઘટીને નીચી સપાટીએ રહ્યો હતો. સેંસેક્સ ૧૦૨ પોઈન્ટ ઘટીને ૨૭૭૫૯ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૨૪પોઈન્ટ ઘટીને ૮૩૩૭ની નીચી સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં હાલમાં પી-નોટ્સ માટેના ધારાધોરણોને કઠોર કરવા માટેની ખાસ તપાસ ટીમની ભલામણને લઈને દહેશત દેખાઈ રહી છે. ખાસ તપાસ ટીમે પી-નોટ્સ માટે ધારાધોરણને કઠોર બનાવવાની ભલામણ કર્યા બાદ હવે મૂડી પ્રવાહને લઈને ચિંતા પ્રવર્તી રહી છે. સેંસેક્સ અને નિફ્ટી બંનેમાં ઘટાડો થવાની સાથે સાથે મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૧ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. માર્કેટ બ્રીડ્થ ફ્લેટ સ્થિતિમાં રહેતા તેને લઈને પણ ચર્ચા રહી હતી. આજે કારોબાર દરમિયાન ૧૩૮૮ શેરમાં મંદી અને ૧૩૬૧ શેરમાં તેજી રહી હતી. કોર્પોરેટ જગતના પરિણામો હાલમાં આવી રહ્યા છે. સંસદમાં મોનસુન સત્રના પ્રથમ સપ્તાહમાં વોશઆઉટની સ્થિતિ રહ્યા બાદ તેના ઉપર પણ નજર કેન્દ્રિત રહી છે. દલાલ સ્ટ્રીટમાં તેને લઈને પણ ચિંતા જોવા મળી છે. મૂડીરોકાણકારો રિઝર્વ બેંક દ્વારા વ્યાજદરમાં ફેરફાર કરવામાં આવશે કે કેમ તેને લઈને પણ સસ્પેન્સની સ્થિતિમાં છે. ચોથી ઓગસ્ટના દિવસે આરબીઆઈની આગામી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરવામાં આવનાર છે જેમાં મોનસુન સેશનમાં હજુ સુધી જે સ્થિતિ રહી છે તેના ઉપર ચર્ચા કરવામાં આવશે. વિદેશી રોકાણકારોએ ૮૬૦ કરોડની કિંમતના શેરનું વેચાણ કરી દીધું છે. શેરબજાર પાસે ઉપલબ્ધ આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઉપરાંત અન્ય બજારને લઈને પણ કારોબારીઓ ચિંતાતુર દેખાયા હતા. એશિયન બજારની વાત કરવામાં આવે તો ચીનના શાંઘાઈ કમ્પોઝિટમાં ૧.૭ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. જ્યારે જાપાનના નિક્કીમાં ૦.૧ ટકાનો ઘટાડો નોંધાયો હતો. હેંગસેંગમાં ૦.૬ ટકાનો ઉછાળો રહ્યો હતો. બીએસઈ હેલ્થકેર અને મેટલ ઈન્ડેક્સમાં ૦.૭ અને ૦.૮ ટકાનો ગટાડો રહ્યો હતો. રિયાલીટીમાં પણ બે ટકાનો ઘટાડો રહ્યો હતો. મારુતિ સુઝુકી દ્વારા તેના ત્રિમાસિક ગાળાના આંકડા જારી કરવામાં આવ્યા હતા જેને લઈને ગઈકાલથી જ ચર્ચા હતી. તેના નેટ નફામાં ૫૬ ટકાનો વધારો નોંધાયો છે. આ શેરમાં અંતે ૦.૫ ટકાનો ઉછાળો રહ્યો હતો. એલ એન્ડ ટીમાં પણ ૦.૭ ટકાનો ઉછાળો નોંધાયો હતો.

શેરબજાર ગઈકાલે પત્તાના મહેલની જેમ ધરાશાયી થયું હતું. પીનોટ્સને લઈને ચિંતા વચ્ચે સેન્સેક્સમાં ૫૫૧ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો. જેથી સેન્સેક્સ ઘટીને ૨૭૫૬૧ની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. જ્યારે નિફ્ટી ૧૬૧ પોઈન્ટ ઘટીને ૮૩૬૧ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં પ્રોફીટ લેવાની સ્થિતિ રહી હતી.

## ડોલરની સામે રૂપિયો ૬૩.૯૨ની સપાટીએ

નવીદિલ્હી,તા. ૨૮

અમેરિકી ડોલર સામે રૂપિયામાં આજે સારી સ્થિતિ રહી હતી. સતત પાંચમા કારોબારી સેશનમાં આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલની કિંમતમાં ઘટાડો થયા બાદ ડોલર સામે રૂપિયોમાં ઉથલપાથલ રહી હતી. રૂપિયો ૦.૪૦ ટકા સુધરીને ૬૩.૯૨ની સપાટીએ રહ્યો હતો જે ૧૮મી જૂન બાદથી સૌથી ઉંચી સપાટી છે. છેલ્લા કારોબારી સેશનમાં ડોલર સામે રૂપિયો ૬૪.૧૭ની સપાટીએ રહ્યો હતો. સ્થાનિક ચલણમાં સારી સ્થિતિ સાથે કારોબાર રહ્યો હતો. રૂપિયામાં આજે કારોબાર દરમિયાન ૬૩.૮૯ અને ૬૪.૧૧ની રેંજ જોવા મળી હતી. મોટાભાગના એશિયન ચલણ આજે મજબૂતી સાથે બંધ રહ્યા હતા. દક્ષિણ કોરિયનમાં ૦.૨ ટકા, સિંગાપૌર ડોલરમાં ૦.૧૨ ટકાનો ઉછાળો નોંધાયો હતો.

**તંદુરસ્ત સમાજ** (પાના નં. ૪નું ચાલુ...)

હમણા હમણાં મેગીનો પ્રશ્ન દરેક ટીવી, છાપામાં છવાયેલો છે. મેગી આટલા વર્ષો આ દેશમાં વેચાઈ અને તે પણ નામી ફિલ્મી સિતારાઓના પ્રચારથી. મેગી ખાઈને મોટા થયા અને હવે મેગી એકદમ નકામી, જે લોકોએ મેગીના સેમ્પલ ટેસ્ટ કર્યા તેઓએ પણ મેગી ખાધી હશે ને? મેગી ખાતી વખતે વિચાર ન હતો આવ્યો અને છાપે ચડ્યું એટલે તાત્કાલિક ટેસ્ટ થયા. આપને રોજ જે ખાઈએ છીએ તે કયાંથી આવે છે તે કદાપી જોતા નથી.

પ્રદૂષણના નામે કેટલો મોટો પ્રશ્ન આ દેશના દરેક શહેરમાંથી નીકળતા ગટરના પાણીથી ખેતી થાય છે અને એજ પાણીથી પકવેલી શાકભાજી ફૂટપાથ ઉપર વેચાય છે. ફાઈવ સ્ટાર હોટેલથી લઈને પાણીપુરી વાળા બધા આ ફૂટપાથના વેપારને જીવતો રાખે છે. મેગીને છોડો, જે દેશમાં ખાવાનું ફૂટપાથ ઉપર વેચાતું હોય અને પગમાં પહેરવાના જૂતા શોરૂમ માં વેચતા હોય ત્યાં શુદ્ધ ખોરાકનો વિચાર આપણાથી ન કરાય.

તમારા ઘરે આવતી શાકભાજી કયા ખેતરેથી આવી? તે ખેડૂત કેટલો ભણેલો છે? તે ખેડૂત જે દવા ખેતરમાં છાંટે છે તે કેટલી ઝેરી છે? (બીજા દેશોમાં પ્રતિબંધ હોય તેવી દવાઓ પણ આપના દેશમાં છૂટથી વેચાય છે) દવા છાંટ્યા પછી કેટલા સમય પછી શાકભાજી માર્કેટમાં મોકલાય? આ બધું ક્યાં ચેક કરી શકીએ? જે નથી ભણ્યા તે બિચારા ખેડૂત થયા અને એટલે તે તેમના પેદા કરેલા પાકનો ભાવ પણ પોતે નક્કી કરી શકતો નથી.

અરે જંગલમાં રહેતી ભેસનું દૂધ લાવો અને તેનું ટેસ્ટીંગ કરો તો તેમાં પણ કેન્સર કારક ઝેરી ડીડીટી નું ઝેર મળવાના ચાન્સ છે. ડીડીટી આપના દેશમાં કરોડો ટન મેલેરિયા નાબુદીના નામે છંટાઈ ચુક્યું છે. જે કેન્સર માટે સૌથી વધુ જવાબદાર ઝેર આ દુનિયામાં ફેલાયેલું છે. આ દેશના જંગલ, નદી, નાળા, તળાવો, જમીન, હવા, પાણી બધુંજ દુષિત છે, ત્યાં મેગી ઉપર પ્રતિબંધથી શું વળવાનું? કાયદાનો અમલ દરેક જગ્યાએ ગંભીરતાથી થાય તો જ લોકો સુખી જીવન જીવી શકશે.

**Hello ફ્રેન્ડસ!** (પાના નં. ૪ નું ચાલુ)

ગુસ્સો આવવો એ કુદરતી હોવા છતાં જો યોગ્ય રીતે પ્રગટ કરતાં ન આવડે તો એ નિશ્ચિત હાનિ કરી છે. જે વારેઘડીયે અને વાતવાતમાં ગુસ્સો થઈ જાય, એમણે તો એની દવા કરાવવી જ રહી. અને આનો ઉપાય એટલે 'એંગર મેનેજમેન્ટ' શીખવું જોઈએ. પોતાનો ગુસ્સો કેવી રીતે ઓછો કરવો એની સાચી સલાહ તો પરિવાર, મિત્રો કે ઓફિસના કર્મચારી વધુ સારી રીતે આપી શકે... ચિત્ર, સંગીત, ફિલ્મ, ક્રિકેટ કે અન્ય કોઈ શોખ તરફ વળતાં ગુસ્સાને નિયંત્રિત કરી શકાય...

બે બહેનપણીને કોઈ બાબત પર બોલાચાલી થઈ અને બંને વચ્ચે અબોલા થયાં, છ મહિના સુધી એકબીજાને યાદ કરે, મિસ કરે, ઘણી ઈચ્છા થાય પણ અહમ્નો ટકરાવ, કોણ પહેલ કરે? એકના પતિએ આ વાતને જરા ગંભીરતાથી લઈ, બંને વચ્ચે અબોલા તોડવાં પ્રયત્ન કર્યો, પોતાના દીકરાના જન્મદિવસે એની બહેનપણીના હસ્તે કેક કાપવાનું આયોજન કરી એને બોલાવી લીધી અને બંને ભેટી મુક્તમને રડ્યાં અને પછી આખી રાત વાતો કરતાં બેઠાં... ગુસ્સો, અબોલા, ભડકો, અકળામણ બધું જ થાય, માત્ર એને સમયસર વાળી લેવું મહત્ત્વનું...

એક દીકરી લગનની થઈ, એ એની મસ્તીમાં જ જીવતી, મમ્મી કાંઈ કહે એટલે નાકનું ટીચકું ચઢી જાય. ધીમે ધીમે મમ્મીનો ગુસ્સો વધતો ચાલ્યો, ગુસ્સાની અગનજવાળામાં બંને વચ્ચે ભડકાં થવાં લાગ્યં. સમય થતો ગયો એમ દીકરી વધુને વધુ મમ્મીની ઈચ્છા વિરુદ્ધ વર્તવા લાગી... મમ્મીને સમજાઈ ગયું કે એના ગુસ્સાની, લાલ આંખથી હવે દીકરી પર કોઈ અસર નથી, આમાં તો પોતાનું જ નુકશાન થાય છે અને એણે ગુસ્સો કરવાનું ધીમે ધીમે બંધ કર્યું, દીકરીએ પોતાની મમ્મી નોર્મલ થતાં દેખાઈ એટલે પોતાનું વર્તન સુધાર્યું અને બધાંએ ખાઈ- પીને રાજ કર્યું...

એક સરસ મજાના વોટ્સ એપ ગ્રુપમાં એકાદ નાની અમથી ગેરસમજમાં બે સભ્યો નીકળી ગયાં, સમજોને ગુસ્સામાં લેવાયેલું પગલું, સમય ગયો એક અન્ય મિત્રએ બંનેને સમજાવ્યા, તેઓ ફરી જોઈન થયાં, આ જે એ બંને સભ્યો ગ્રુપમાં એમનું મહત્ત્વ યોગદાન આપે છે... ગુસ્સો આવેગનો હોય તો એને જલ્દીથી ઠીક કરી શકાય પણ જો પાક્કી ગાઠ મારી તો પત્યુ, ભલભલી સમજણ ઠેકાણે થઈ જાય...

ગુસ્સો - નારાજગી રોજબરોજની ઘટનામાં બની હોય તો ઉપાય પણ ઝડપથી આવે છે... એકદી ઘટના-ગુસ્સો-નારાજગી દિલમાં ફીટ કરી તો પછી એ પહેલાં કહ્યું એમ ટીવી કે ફિલ્મના કેરેકટર સાથે સંકળાય છે, અને એ પોતાની ઈચ્છા મુજબ કરતાં આપણે પોતાની જાતને 'બાહુબલી' માનતા થઈ જઈએ છીએ. નેગેટીવ કેરેકટર ફિલ્મી પરદે સારાં પણ વાસ્તવિક લાઈફમાં બહુ એન્ટરટેઈન કરવા જેવાં નથી... 'આતા માઝી સટકલી' કહીને આપણે કંઈ રિઅલ લાઈફમાં કોઈ સાથે એવી ખુલ્લા હાથ-પગની મારામારી કરી શકીએ??

ચૂંટલો : ગુસ્સાની આગમાં અને નફરતમાં કેટલાંય લોકોના ઘર પરીવાર વગર દિવાસળીએ સળગી ગયાં છે. અબોલા અને અજંપાથી પડખાં ઘસવાં કરતાં, થોડો 'ઈગો' જતો કરીને ભેટી લેવાથી ગુસ્સા પર ઠંડુ પાણી રેડાઈ જશે, અઘરું છે, પણ અશક્ય નથી!

**અતીતથી આજ** (પાના નં. ૪ નું ચાલુ)

ઈમર્જન્સીને વખોડતા હતા, પરંતુ ૨ ઑક્ટોબર ૧૯૭૫ના રોજ એમનું અવસાન થયું એટલે ઈંદિરા ગાંધીના માર્ચ ૧૯૭૭ના કારમા પરાજય અને જનતા પાર્ટીની સરકારના રાષ્ટ્રીય સ્તરે ઉદયને નિહાળવા એ જીવિત નહોતા. જોકે ઈંદિરાને પાઠ ભણાવવાના એમના સંકલ્પને દેશના લોકોએ પૂર્ણ કર્યો હતો. કામરાજ જીવતા હોત તો જનતા પાર્ટી સરકારના વડાપ્રધાન બની શક્યા હોત એવું પણ ઘણા સમીક્ષકોનું માનવું છે.

કામરાજ બધાને સાથે લઈને ચાલનારા રાજનેતા અને આઝાદીની ચળવળના અગ્રણી હતા. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ) અને જનસંઘના ટીકાકાર હતા, છતાં ઈમર્જન્સીને કારણે ઈંદિરા ગાંધીને સત્તાભ્રષ્ટ કરવા માટે ઉત્તરનાં રાજ્યોમાં જરૂર જણાય ત્યાં જનસંઘને પણ સાથે લઈને લક્ષ્યની પૂર્તિ માટેના મજબૂત વિપક્ષી મોરચાની રચનાના એ પક્ષધર હોવાનું કેન્દ્રમાં મંત્રી રહેલા કૉંગ્રેસી નેતા દ્વારકા પ્રસાદ મિશ્ર 'ધ પોસ્ટ-નેહરુ એરાઃ પૉલિટિકલ મેમોર્સ' માં જરૂર નોંધે છે. સત્તાના મોહથી કામરાજ વિમુખ હતા, એ બાબત તેમને માટે આપદધર્મ તરીકે મુખ્યમંત્રીપદ સ્વીકારવાનું આવ્યું ત્યાંથી લઈને છેક ૧૯૬૯માં ઈંદિરા ગાંધીએ કેન્દ્રીય કૅબિનેટમાં તેમને સામેલ કરવાની કોશિશ કરી ત્યારના ઘટનાક્રમમાં વારંવાર જોવા મળે છે.